**ડાયરેક્ટ ❤ સે**

સંબંધો
એ અનલિમિટેડ
એજ્યુકેશન છે
- રૂદ્રી શુક્લ 'રીયાઝ'

**જન્મદિને વધામણી**



મહેન્દ્ર એમ ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૨૦૨૨૯



લીલાવતીબેન કે ચાવડા
નિવૃત્ત આચાર્ય,
રૂપાલ કન્યા પ્રાથમિક શાળા
મો. ૯૭૨૫૦ ૦૪૮૫૩



કેયા બિરેન નાયક
ફોન : ૨૩૨૨૬૫૪૬



આર્યા ગોસ્વામી
મો. ૯૩૭૫૦ ૨૮૭૯૯



હેતાર્થ પરીમલ પટેલ

# વીપીએમપી પોલીટેકનીક ખાતે તેજસ્વી વિદ્યાર્થી-સમારંભ યોજાયો





શહેરના સેક્ટર-૧૫ ખાતે સ્થિત વીપીએમપી પોલીટેકનીકમાં તા. ૦૯/૦૭/૨૦૧૮ના રોજ જીટીયુ દ્વારા મે-જુન માસમાં લેવાયેલ છેલ્લા સેમેસ્ટરની પરીક્ષામાં ૧૦ માંથી ૧૦ અને ૯ કરતા વધુ એસ.પી.આઈ. મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. એ. જે. પટેલે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર, સ્મૃતિ-ચિહ્ન અને પુસ્તક ભેટમાં આપ્યું હતું અને ઉજ્જવળ કારકીર્દિ માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ૧૦૦ થી પણ વધુ છેલ્લા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ અને વિવિધ વિદ્યાશાખાના વડાઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગને યાદગાર બનાવવા માટે ફેકલ્ટીઝ દ્વારા પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર મુક્તિધામ ખાતે કાર્મેલ શાળા દ્વારા વૃક્ષારોપણ



સેકટર-૨૧, સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાએ રવિવારના રોજ સેક્ટર-૩૦ ખાતે આવેલ મુક્તિધામમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં નિવૃત્ત નાયબ વન સંરક્ષક હેમંતભાઈ સુથાર, ડૉ. ઉર્વીબહેન મહેતા, કુસુમબહેન જોશી, આલાપ પંડિત, વન વિભાગના ફોરેસ્ટર બાબરભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. હેમંતભાઈ સુથારે શાળાના ઈકો ક્લબના વિદ્યાર્થીઓને વિદ્યુત, જળ, સૌર, પવન ઉર્જા વિશે માહિતે અને ઉપયોગિતાની સમજ આપી, પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરી પર્યાવરણ ને પ્રદુષણથી બચાવવાની માહિતી પૂરી પાડી. માઉન્ટ કાર્મેલ શાળાના આચાર્યા સિસ્ટર જેનિફર ગોમ્સે મુક્તિધામ ખાતે કામ કરતા માળીની દીકરી કૃતિકાને દત્તક લઈ સેવાકાર્યનું એક ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાનાં ઈકો ક્લબના ઈન-ચાર્જ શિક્ષક હેમાંગીની દીપંકરે આચાર્ય સિસ્ટર જેનીફરના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન કર્યુ હતું.

### કૉલેજમાં આસિ. પ્રૉફેસર બનવા માટે જરૂરી ટેસ્ટ રવિવારે યોજાઈ

## સૅન્ટ્રલ બૉર્ડ દ્વારા 'નેટ' લેવાઈ

### સેન્ટ્રલ બોર્ડે પરીક્ષાના નિયમો નક્કી કર્યાં હોવા છતાં દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ જુદા જુદા નિયમો દર્શાવીને ઉમેદવારોને પરેશાન કર્યા હોવાની ફરિયાદો બહાર આવી

ગાંધીનગર, તા. ૯

કોલેજોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર બનવા માટે સેન્ટ્રલ બોર્ડે રવિવારે નેટ એટલે કે નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ યોજી હતી. આ પરીક્ષામાં ગુજરાતના ચાર શહેરોમાં જુદી જુદી શાળાઓમાં પરીક્ષા કેન્દ્રોની વ્યવસ્થા ગોઠવાઈ હતી. સેન્ટ્રલ બોર્ડે પરીક્ષાના નિયમો નક્કી કર્યાં હોવા છતાં દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ જુદા જુદા નિયમો દર્શાવીને ઉમેદવારોને હેરાન-પરેશાન કર્યા હોવાની ફરિયાદો બહાર આવી છે. પ્રોફેસર બનવા અને રિસર્ચ ફેલોશીપ મેળવવા માટે સેન્ટ્રલ બોર્ડે ૯૧ શહેરોમાં નેટ યોજી હતી. આ પરીક્ષામાં કુલ ૧૧,૪૮,૨૩૫ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત, રાજકોટ અને પાટણની સ્કૂલોમાં પરીક્ષા યોજાઈ હતી. આ વખતે બે વિષયની પરીક્ષા લેવાઈ હતી. આ પહેલાં યુજીસીએ ત્રણ વિષયોની પરીક્ષા લીધી હતી. નેટ આપનારા વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે અગાઉના વર્ષની સરખામણીમાં પેપર સામાન્ય અઘરું હતું. કેટલાક પ્રશ્નો અલગ અલગ રીતે પૂછવામાં આવ્યા હતા. આમ છતાં અતિશય અઘરું કહી શકાય તેવું પેપર ન હતું. સેન્ટ્રલ બોર્ડે પરીક્ષાની તારીખ જાહેર કરવાની સાથે જ પરીક્ષાના નિયમો પણ જાહેર કર્યા હતા. દરેક કેન્દ્રોએ આ નિયમો પ્રમાણે કાર્યવાહી કરવાની હતી. પરંતુ અમદાવાદમાં અલગ અલગ પરીક્ષા સેન્ટરો પર જુદી જુદી સ્થિતિ જોવા મળી હતી. પરીક્ષાના નિયમોમાં સવારે ૭ વાગે પરીક્ષા કેન્દ્રની અંદર દાખલ થઈ જવાની સૂચના આપવામાં આવી હતી. જેના કારણે દૂરના સેન્ટરમાં જેમનો નંબર આવ્યો હતો તેવા વિદ્યાર્થીઓ વહેલી સવારે ૫ વાગે ઘરેથી નીકળવું પડ્યું હતું.

આશ્ચર્યની વાત એ કે કેટલાક સેન્ટરો એવા હતા કે જેમાં વિદ્યાર્થીઓ ૮-૩૦ સુધી પણ પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઉપરાંત, કેટલાક કેન્દ્રો પર ઉમેદવારના કાનની બુટ્ટીઓ અને કમરપટ્ટા પણ ઉતરાવી લેવામાં આવ્યા હતા. જ્યારે અન્ય કેન્દ્રો પર આવી કોઈપણ પ્રકારની માથાકૂટ કર્યા વગર ઉમેદવારોને પરીક્ષા આપવા દેવાયા હતા. આમ, સેન્ટ્રલ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા પ્રવેશના નિયમોનું એકસમાન રીતે પાલન ન થવાના કારણે ઉમેદવારોને હેરાનગતિ ભોગવવી પડી હતી. નોંધનિય છે કે સેન્ટ્રલ બોર્ડ દ્વારા લેવામાં આવેલી નેટની પરીક્ષા છેલ્લી છે. હવે પછી કેન્દ્ર સરકાર દ્વારા બનાવાયેલા નવા બોર્ડ દ્વારા નેટ સહિતની તમામ પરીક્ષાઓ લેવાશે.

## ડિગ્રી એન્જિનિયરિંગના પ્રવેશમાં વિવાદ

ગાંધીનગર, તા. ૯

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડ પૂરો થયા બાદ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવાની હોય છે. પરંતુ અમદાવાદ સહિત અનેક શહેરોમાં આવેલી સ્વનિર્ભર કોલેજોએ પ્રવેશ સમિતિના આદેશની ઐસી તૈસી કરીને પોતાની રીતે બારોબાર મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ભરી દીધી હોવાની ફરિયાદો બહાર આવી છે.

ડિગ્રી એન્જિનિયરિંગના પ્રવેશના નિયમોમાં કરાયેલી જોગવાઈ પ્રમાણે પહેલો રાઉન્ડ પૂરો થાય ત્યારબાદ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવાની હોય છે. આ વર્ષે સરકારી બેઠકો માટેનો પહેલો રાઉન્ડ પૂરો થયા બાદ તા.૭મી જુલાઈથી મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે ફોર્મ ભરવા તેવું નક્કી થયું હતું. આશ્ચર્યની વાત એ કે અમદાવાદની તમામ સ્વનિર્ભર કોલેજોએ મેનેજમેન્ટ ક્વોટાના ફોર્મ ભરવાના શરૂ થાય તે પહેલા જ પોતાની તમામ બેઠકો બારોબાર ફુલ કરી દીધી હતી. સૂત્રો કહે છે પહેલો રાઉન્ડ પૂરો થયા બાદ જે વિદ્યાર્થીઓને પ્રવેશ ન મળ્યો હોય તેઓ ઈચ્છે તો મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ માટે પ્રયાસ કરી શકે તે માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરંતુ સ્વનિર્ભર કોલેજના સંચાલકોએ તેનો ગેરલાભ ઉઠાવીને મેનેજમેન્ટ ક્વોટાના ફોર્મ ભરવાનું શરૂ થાય તે પહેલા જ ડોનેશન લઈને બેઠકો ભરી દીધી હતી. મહત્વની વાત એ કે લાખો રૂપિયાના ડોનેશન લઈને કોલેજોએ જે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દીધા છે તેઓને હવે નવી તારીખમાં દર્શાવવામાં આવશે. આમ, પ્રવેશ સમિતિની સ્પષ્ટ સૂચના છતાં મોટાભાગની સ્વનિર્ભર કોલેજોએ પોતાની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો લાખો રૂપિયા ડોનેશન લઈને ભરી દીધી છે. સૂત્રો કહે છે અમદાવાદમાં જ એસ.જી.હાઈવે પર આવેલી તમામ સ્વનિર્ભર કોલેજ દ્વારા કમ્પ્યૂટર-આઈ.ટી. જેવી બ્રાન્ચમાં વિદ્યાર્થીઓ પાસેથી ખુલ્લેઆમ બે લાખ રૂપિયા ડોનેશન લઈને બેઠકો ભરી દીધી છે. જે વિદ્યાર્થીઓને સરકારી કોલેજોમાં અમદાવાદની બહાર પ્રવેશ મળે તો તેઓ બહારગામ જવા કરતાં અમદાવાદની જ કોલેજમાં અભ્યાસ કરવા ઈચ્છતાં હોય છે. જેનો સીધો ગેરફાયદો સંચાલકો ઊઠાવી રહ્યા છે. આશ્ચર્યની વાત એ કે આ તમામ બાબતથી પ્રવેશ સમિતિના સભ્યો વાકેફ છે. જે તે સમયે સભ્યો દ્વારા ઉચ્ચસ્તરે રજૂઆતો પણ કરવામાં આવી છે. પરંતુ સ્વનિર્ભર કોલેજના સંચાલકો મોટા માથા હોવાના કારણે ઉચ્ચસ્તરેથી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કોઈ વિદ્યાર્થી લેખિત ફરિયાદ કરે તો કોલેજની તમામ મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો રદ કરવા સુધીના પગલાં લેવામાં આવશે.

## 'ખેલો ઈન્ડિયા' ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ઝળકી



માનસિક દિવ્યાંગો માટે રાષ્ટ્રકક્ષાના સૌ પ્રથમ ખેલો ઈન્ડિયા રમતોત્સવનો પ્રારંભ ૬ઠ્ઠી જુલાઈએ પંડિત દિનદયાલ પૅટ્રોલિયમ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે એક જાજરમાન ઉદ્‌ઘાટન કાર્યક્રમના માધ્યમથી કરવામાં આવ્યો હતો. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો, જેમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૫૦૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ સુંદર ડાન્સ પ્રસ્તુત કર્યો હતો. શાળા પરિવારે આ કલાકાર વિદ્યાર્થિનીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષકને સફળ કલાપ્રદર્શન બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ પ્રદર્શન માટે શિક્ષક હેતલબેન, વિનાક્ષીબેન અને લીલાબેનનો ફાળો બહુમૂલ્ય રહ્યો હતો.

## એસ. કે. પટેલ પ્રિ-પ્રાઈમરી શાળાએ ગ્રીન ડે ઉજવ્યો





એસ. કે. પટેલ શાળામાં બાળકોને ગ્રીન કલરથી માહિતગાર કરવાના હેતુસર શનિવારે 'ગ્રીન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. વાલીઓએ બાળકોને ગ્રીન કલરનાં વસ્ત્રો પરિધાન કરવી સ્કૂલબેગ, વોટરબેગ પણ ગ્રીન કલરની મોકલવી હતી. શિક્ષિકાઓએ બાળકોને ગ્રીન કલરના વિવિધ શેડ વિષે જાણકારી આપી હતી અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજીને બાળકોને વૃક્ષો ઉગાડવા અને તેનું જતન કરવા માટે શપથ લેવડાવ્યા હતા. બાળકોને 'લીફ સ્ટીકિંગ' અને 'મેજિક પેઈન્ટિંગ' જેવી પ્રવૃતિ પણ કરાવવામાં આવી હતી. બાળકોની સાથે-સાથે શાળા પરિવારે પણ ગ્રીન કલરનાં વસ્ત્રો પરિધાન કરીને આ કાર્યક્રમમાં સમાવિષ્ટ ઉત્સાહને બેવડાવ્યો હતો.

## કચ્છ યુનિ.એ સૅનેટની ચૂંટણી રદ કરી

### રાજ્યની દરેક યુનિવર્સિટીમાં આ પ્રકારનો અંકુશ લાગવાની પૂરી શક્યતા

ગાંધીનગર, તા. ૯

કચ્છ યુનિવર્સિટીમાં તાજેતરમાં ઊભા થયેલા વિવાદ બાદ કુલપતિ દ્વારા વિદ્યાર્થીસેનેટની ચૂંટણી રદ કરી દેવામાં આવી છે. આ પ્રકારના નિર્ણયના ઘેરા પ્રત્યાઘાતો શિક્ષણજગતમાં પડ્યા છે. આગામી દિવસોમાં અન્ય યુનિવર્સિટીઓમાં પણ જુદા જુદા કારણોસર વિદ્યાર્થીસેનેટની ચૂંટણીઓ રદ કરવામાં આવે તેવી આશંકા શિક્ષણવિદોમાં ઊભી થઈ છે. કચ્છ યુનિવર્સિટીમાં ચૂંટણી પ્રક્રિયામાં વિદ્યાર્થીસંગઠનો દ્વારા ચૂંટણી અધિકારીના ચહેરા પર કાળી સ્યાહી ફેંકવાના કારણે ભારે વિવાદ થયો હતો. જોકે, આ ઘટના બાદ કચ્છ યુનિવર્સિટીમાં ચૂંટણી રદ કરવાની સત્તાવાર જાહેરાત કરી દેવાઈ છે. ગુજરાત યુનિવર્સિટીમાં પણ ચાલુ વર્ષે જુદા જુદા વિવાદોના પગલે વિદ્યાર્થીસેનેટની ચૂંટણી થઈ શકી નથી. આગામી વર્ષે નિર્ધારીત સમયે ચૂંટણી યોજવાની બાંયેધરી સત્તાધીશો દ્વારા કોર્ટમાં આપવામાં આવી છે. પરંતુ તેનું પાલન થશે કે નહીં તેની કોઈ બાંયધરી નથી. સૂત્રો કહે છે હાલમાં રાજયમાં હાયર એજ્યુકેશન કાઉન્સિલની રચના કરી દેવાઈ છે. હવે રાજ્યની દરેક યુનિવર્સિટીઓ પર એક યા બીજી રીતે અંકુશ આવશે તે નિશ્ચિત છે. આ સ્થિતિમાં રાજ્યની દરેક યુનિવર્સિટીઓમાંથી ધીમે ધીમે સેનેટ ઈલેક્શન રદ કરીને તેના સ્થાને સીલેકશન અથ?વા તો મેરિટના આધારે નિમણૂકની વ્યવસ્થા ગોઠવવામાં આવે તો કોઈ આશ્ચર્ય થાય તેમ નથી. સૂત્રો કહે છે હાલમાં સરકારી યુનિવર્સિટીઓના કેટલાક કુલપતિઓ વિદ્યાર્થીસેનેટ અને શકય હોય તો મુખ્ય સેનેટ પણ રદ થાય અને તેના સ્થાને સીધી નિમણૂકો કરી દેવામાં આવે તેની તરફદારી કરી રહ્યા છે. હજુ કાઉન્સિલની પૂર્ણ રચના થઈ નથી. કાઉન્સિલ માટે મહત્વની જગ્યા એવી ચેરપર્સનની નિમણૂક બાકી છે. એકવખત ચેરપર્સનની નિમણૂક થયા બાદ આગામી દિવસોમાં મળનારી કાઉન્સિલની બેઠકમાં વિદ્યાર્થીસેનેટનો મુદ્દે રજૂ થાય અને તેના પર ચર્ચા-વિચારણા કરવાની દરખાસ્ત લાવવામાં આવે તેવી શક્યતા છે.

## 'મનસે'એ લાતોનાં ભૂતોને લાતોથી જ સીધાં કર્યાં

આપણે ત્યાં કહેવત છે કે 'લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે.' અને તેમ છતાં આપણે આવા ભૂતની હરકતોને ઘણીવાર વિનાકારણ ચલાવી લેતાં હોઈએ છીએ. મલ્ટીપ્લૅક્સ પણ આવાં જ ભૂતો છે, જે ફિલ્મ પ્રદર્શન માટે તો તગડો ટિકીટ ચાર્જ વસૂલે જ છે, પરંતુ વિવિધ નાસ્તાઓ માટેય અસહ્ય ચાર્જ વસૂલે છે.

એક તરફ સિક્યુરિટીના નામે ઘરની ખાદ્ય વસ્તુઓ કે પાણી મલ્ટીપ્લેક્સમાં લઈ જવા નથી દેવાતું અને મલ્ટીપ્લેક્સ પોતાના તરફથી જે નાસ્તો, પાણી આપે તેના દામ બમણા-ત્રણ ગણા કે એથીય વધુ વસૂલી ઉઘાડી લૂંટ ચલાવે છે. અને મજાની વાત એ છે કે બહુધા આ બાબતનો કોઈ વિરોધ પણ નથી કરતું. ફરિયાદ તો દૂરની વાત છે, ઉલ્ટું પાંચ રૂપિયાની ધાણીને 'પૉપકૉર્ન' કહીને એ માટે ખુશી-ખુશી ૨૦૦ રૂપિયા આપીને લોકો અહીં ફૂંગરાતા ફરે છે ! અને આવા મૂઠ્ઠીભર લોકોને કારણે અન્ય ઘણા લોકોને સહન કરવું પડે છે. જોકે, વાંક આવા લોકોનો પોતાનો પણ છે. પોતાના હક્ક માટે જ્યાં સુધી પોતે અવાજ નહીં ઊઠાવો ત્યાં સુધી તકલીફ દૂર નહીં જ થાય એ વાત દરેકે સમજી લેવાની જરૂર છે.

તાજેતરમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ આ ભૂતોને લાતો મારીને સીધાં કરી દીધાં છે. અલબત્ત, આ કામ કરાવવાનો તેમનો રસ્તો ખોટો હતો, પણ સામે સવાલ એ છે કે સીધા રસ્તે જે ના માન્યા એમના માટે બીજો રસ્તો પણ શું હતો ? કારણ કે મુંબઈ હાઈકોર્ટના આદેશથી પણ મલ્ટીપ્લેક્સ સંચાલકો માન્યા નહોતા ને એમણે વસ્તુઓના ભાવ




નહોતા ઘટાડ્યા. આ જ લોકો રાજ ઠાકરેની રાજકીય પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ની હાથ આમળવાની સ્ટાઈલથી માની ગયા છે અને એને ઘૂંટણીયે પડી ગયા છે. મુંબઈના મલ્ટીપ્લેક્સીસના માલિકો એમના થિયેટરોમાં પોપકોર્ન, સમોસાં સહિતની ખાદ્યચીજોનાં ભાવ, જે ૨૦૦-૨૫૦ રૂપિયા લેવામાં આવે છે તે ઘટાડવા માટે સહમત થયા છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં જ મુંબઈ હાઈકોર્ટે પણ સવાલ ઉઠાવ્યો હતો કે મલ્ટીપ્લેક્સીસને પાંચ રૂપિયાની પોપકોર્નનાં ૨૫૦ રૂપિયા ચાર્જ કરવાનો અધિકાર કોણે આપ્યો?

કોર્ટના નિર્દેશની પણ અવગણના કરીને મલ્ટીપ્લેક્સીસના માલિકોએ ખાદ્યપદાર્થોનાં ઊંચા ભાવ ચાર્જ કરવાનું ચાલુ રાખ્યું હતું. છેવટે, પુણે અને મુંબઈમાં મનસેના કાર્યકર્તાઓએ અમુક મલ્ટીપ્લેક્સમાં જઈને એમની તાકાતનો પરચો બતાવ્યો હતો. પુણેમાં, પીવીઆર સિનેમા ખાતે મનસેના કાર્યકર્તાઓએ પહોંચીને ત્યાંના મેનેજર પર થપ્પડોનો વરસાદ વરસાવ્યો હતો.

મલ્ટીપ્લેક્સીસના માલિકો શનિવારે મુંબઈમાં રાજ ઠાકરેને દાદરસ્થિત એમના નિવાસસ્થાન 'કૃષ્ણકુંજ' ખાતે મળ્યા હતા અને એમને આશ્વાસન આપ્યું હતું કે એમના થિયેટરોમાં ચા, કૉફી, બટેટાવડા, સમોસા, પોપકોર્ન જેવા ખાદ્યપદાર્થો અને પીવાના પાણીની બોટલ્સ ૫૦ રૂપિયે વેચવામાં આવશે. મનસે પાર્ટીએ એમને જણાવી દીધું છે કે આ ખાતરીનો બે-ત્રણ દિવસમાં અમલ નહીં કરાય તો પાર્ટી ફરીથી આંદોલન કરશે. જોકે, દેન નથી હવે મલ્ટીપ્લેક્સવાળાઓની કે તેઓ મનસેની સામે થાય.

આપણે ત્યાં પણ સમાજસેવા કરનારા નો યોગ્ય-અયોગ્ય પ્રસંગોએ નેતાગીરી લઈને બૂમરાણ મચાવનારા ઘણાં મંડળો, સંગઠનો છે. છે કોઈ આટલી ક્ષમતાવાળું ? હોય તો આગળ આવે.